### એનએનઈએલમાં ઊભી કરાયેલી કટોકટીનો ઉપયોગ કરીને

# જિજ્ઞેશ શાહ દ્વારા સર્જવામાં આવેલા માર્કેટ સામ્રાજ્યને તોડી પાડતા રાજકીય ષડયંત્રની દાસ્તાન




અમદાવાદ, શનિવાર

ગુજરાતીઓની ઉદ્યોગસાહસિકતા અને માર્કેટની નાડપારખુ શક્તિ સમગ્ર વિશ્વમાં જાણીતી છે. ભારતીય ઔદ્યોગિક જગતના ઈતિહાસમાં એક નહીં પણ અનેક વખત ગુજરાતીને ખતમ કરવાના અનેક કારસાઓ ઘડાયાના દાખલા છે. ગુજરાતી સાથે અન્યાયનો આ સીલસીલો હજુ પણ ચાલુ છે. બહુ જ નાની વયે પોતાના બૌદ્ધિક કૌશલ્યથી ભારતમાં એક વિશ્વકક્ષાની માર્કેટ ખડી કરીને ભારતને મુઠી ઉંચેરું સ્થાન અપાવનાર જિજ્ઞેશ શાહના વિજયરથને રાજકીય કાવાદાવા અને નિમ્નકક્ષાના ષડયંત્ર દ્વારા તોડી પડાયું તેની ઝીણવટભરી વિગતોનું આલેખન વરિષ્ઠ પત્રકાર શાંતનૂ ગૂહા રેએ 'ધ ટાર્ગેટ' નામના પુસ્તકમાં કર્યું હતું. શાંતનૂ ગૂહા રેના પુસ્તક 'ધ ટાર્ગેટ'ની અંગ્રેજીને મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદના કારણે 'ધ ટાર્ગેટ'ની ગુજરાતી આવૃત્તિ પ્રગટ કરાઈ છે. આ પુસ્તકની અંગ્રેજી આવૃત્તિ બજારમાં મૂકવામાં આવ્યાના ૯૦ દિવસમાં જ 'એમેઝોન' પર 'બિઝનેસ અને ઈકોનોમી' કેટેગરીમાં વિશ્વમાં સૌથી વધુ વેચાતા નંબર-૧ પુસ્તક તરીકેનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

'ધ ટાર્ગેટ' પુસ્તક તેના નામ અનુસાર દર્શાવે છે કે જિજ્ઞેશ શાહને લક્ષ્ય બનાવવામાં આવ્યા હતા. વરિષ્ઠ પત્રકાર શાંતનૂ ગૂહા રે લિખિત આ પુસ્તક વાંચ્યા બાદ એનએસઈએલ (નેશનલ સ્પોટ એક્સચેંજ) પ્રકરણના સંખ્યાબંધ અનુત્તર સવાલોના જવાબ મળી રહે છે. કેટલાંક સ્થાપિત હિતોએ પોતાના છૂપા ઈરાદાસર જિજ્ઞેશ શાહને એક્સચેન્જ બિઝનેસમાંથી કેવી રીતે બહાર ધકેલી દીધા તેનું પુસ્તકમાં વર્ણન કરવામાં આવ્યું છે. આ સ્થાપિત હિતો કોણ હતાં અને તેમના બદઈરાદાઓ કયાં અને કેવા હતા તેને પર શાંતનૂએ પુસ્તકમાં પ્રકાશ પાડ્યો છે.